# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન", એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨,૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.gujratcongress.org• E-mail: gpcc1234@gmail.com


---

અખબારી યાદી તા. ૨૭-૦૩-૨૦૨૨

- **આઠ વર્ષના સમયગાળામાં કેન્દ્રની ભાજપ સરકારે પેટ્રોલ – ડીઝલમાં સતત એક્સાઈઝ ડ્યુટીમાં વધારો ઝીંકીને 27 લાખ કરોડ જેટલી જંગી રકમ દેશની જનતા પાસેથી વસુલી**
- **પેટ્રોલમાં રૂ. 18.42 અને ડીઝલમાં રૂ.18.24 પ્રતિ લિટર એક્સાઈઝનો અસહ્ય ભાવ વધારો ભાજપ સરકાર પાછો ખેંચે તો દેશની જનતાને ૭૫ રૂપિયામાં પેટ્રોલ - ડીઝલ આપી શકાય.**

"બહુત હુઈ મહંગાઈ કી માર", "અચ્છેદિન" ના રૂપાળા સૂત્રોથી સત્તા મેળવનાર ભાજપ સરકારમાં મોંઘવારી આસમાને, પેટ્રોલ – ડીઝલના ભાવ બેફામ રીતે વધી રહ્યાં છે ત્યારે ભાજપા સરકારે જનતા સાથે છેતરપીંડી કરી છે. સતત વધતી મોંઘવારીને આઠ વર્ષે યાદ કરીને પેટ્રોલ – ડીઝલ પર ટેક્ષ ઘટાડવા માટે રાજ્યોને દેશના પ્રધાનમંત્રીશ્રીની ભાવુક અપિલ અંગે દેશની 135 કરોડ અને ગુજરાતની 6.5 કરોડ જનતાને રાહત માટે પ્રધાનમંત્રીશ્રી બેફામ એક્સાઈઝ ડ્યુટીમાં ઘટાડો કરીને જનતા માટે માંગ કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મુખ્ય પ્રવક્તા ડૉ. મનિષ દોશીએ જણાવ્યું હતું કે, પેટ્રોલ-ડીઝલ, રાંધણ ગેસ, સીએનજી સહિતના ભાવમાં કમરતોડ ભાવ વધારાથી જનતા ત્રાહિમામ થઈ રહી છે. વર્ષ 2014-15 થી વર્ષ 2021-22ના આઠ વર્ષના સમયગાળામાં કેન્દ્રની ભાજપ સરકારે પેટ્રોલ – ડીઝલમાં સતત એક્સાઈઝ ડ્યુટીમાં વધારો ઝીંકીને 27 લાખ કરોડ જેટલી જંગી રકમ દેશની જનતા પાસેથી વસુલી સીસ્ટમ લૂંટ ચલાવાઈ છે. 26મી મે, 2014, જ્યારે પ્રધાનમંત્રીશ્રીએ કાર્યભાર સંભાળ્યો, ત્યારે ક્રૂડ 108 યુએસ ડૉલર હતું, તેમ છતાં પેટ્રોલ અને ડીઝલ 71.41 રૂપિયા અને 55.49 રૂપિયા પ્રતિ લીટર પર હતું, પરંતુ આજે, ક્રૂડ ઓઈલ પ્રતિ બેરલ US$100.20 છે, તેમ છતાં પેટ્રોલ / ડીઝલના ભાવ વધીને રૂ. 105.41 / લિટર અને રૂ. 96.67 / લિટર થઈ ગયા છે. પેટ્રોલમાં રૂ. 18.42 અને ડીઝલમાં રૂ.18.24 પ્રતિ લિટર એક્સાઈઝનો અસહ્ય ભાવ વધારો ભાજપ સરકાર પાછો ખેંચે તેવી કોંગ્રેસ પક્ષ માંગ કરે છે

કોરોના મહામારી અને આર્થિક હાલાકીમાં મોંઘવારીના બેફામ મારથી સામાન્ય – મધ્યમવર્ગને જીવન જીવવું મુશ્કેલ બની ગયું છે. ઘરના બજેટ પણ ખોરવાઈ ગયા છે. મોંઘવારી અને પેટ્રોલ – ડીઝલની અસહ્ય ભાવ વધારાની ભેટ આપતી ભાજપ સરકારમાં અહંકાર, નિરંકુશતાને કારણે દેશની જનતા ત્રાહિમામ પોકારી રહી છે, દૂધ. દહી. છાસ. શાકભાજીના આસમાનને આંબતા ભાવ થી સામાન્ય વર્ગની કમર તૂટી ગઈ છે ત્યારે કોઈપણ ટીકા, વિક્ષેપ કે આક્ષેપ વગર કોંગ્રેસ પક્ષ પુછવા માંગે છે કે, પેટ્રોલ – ડીઝલ પરની એક્સાઈઝ ડ્યુટીમાં અસહ્ય વધારો કરી પ્રજાના ખિસ્સામાંથી લુંટેલા ૨૭ લાખ કરોડનો હિસાબ ભાજપ સરકાર ક્યારે આપશે ?

| **એક્સાઈઝ ડ્યુટી** | | | | |
|---|---|---|---|---|
| **કોંગ્રેસ સરકાર** | | | **ભાજપ સરકાર** | |
| પેટ્રોલ | 9.48/લિટર | | પેટ્રોલ | 27.90/લિટર |
| ડીઝલ | 3.56/લિટર | | ડીઝલ | 21.80/લિટર |

(ડૉ. મનિષ એમ. દોશી)
મુખ્ય પ્રવક્તા